# તાપી જિલ્લાના ચૌધરી સમાજના લોકગીતો અને લોકકથાઓનું

# સાહિત્યિક અને સાંસ્કૃતિક અધ્યયન

## સંશોધન કાર્યનો સારાંશ

સાહિત્યના બે માતબર પ્રવાહો છે : એક શિષ્ટસાહિત્ય અને બીજો લોક સાહિત્ય.જેમાં,લોકસાહિત્યએ જે તે સમાજના લોકોની દેન છે; ને તે લોકોના જીવનના રંગે રંગાયેલું છે.તેથી તેમાં ભાવની સાથે-સાથે સ્વરૂપનું પણ એટલું જ વૈવિધ્ય જોવા મળે છે.લોકજીવનના જેટલા પ્રસંગો છે એટલા પ્રસંગોનું લોકસાહિત્ય મળે છે.જે મુજબ પૂર્વ ગુજરાતની સરહદી પટ્ટીમાં અંબાજીથી છેક ડાંગ સુધીના ભૌગોલિક ભાગોમાં વસવાટ કરતી આદિજાતિની વિવિધ જ્ઞાતિઓ પોતાની આગવી પરંપરા અને વૈવિધ્ય સભર સંસ્કૃતિ ધરાવે છે.જેમાં તાપી જિલ્લાના વ્યારા,સોનગઢ,વાલોડ,ડોલવણ વગેરે તાલુકાઓમાં વસવાટ કરતા ચૌધરીઓ પોતાની એક આગવી અને નોખી સાંસ્કૃતિક ઓળખ ધરાવે છે.આજના વર્તમાન સમયમાં જ્યારે લોકસાહિત્યના અનેક સ્વરૂપો પર સંશોધન કાર્ય થઈ રહ્યું છે,ત્યારે મે મારા આ મહાનિબંધમાં તાપી જિલ્લાના ચૌધરી સમાજના લોકગીતો અને લોકકથાઓને સાહિત્યિક અને સાંસ્કૃતિક ભૂમિકાએ તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.આ મહાનિબંધને નીચે મુજબ સાત ભાગોમાં વિભાજિત કર્યો છે.

## <u>પ્રકરણ :- ૧ તાપી જિલ્લાનો સામાજિક,સાંસ્કૃતિક,ભૌગોલિક અને ઐતિહાસિક પરિચય</u>

આ પ્રકરણમાં તાપી જિલ્લાનો ભૌગોલિક,ઐતિહાસિક તેમજ સામાજિક અને સાંસ્કૃતિક પરિચય આપવામાં આવ્યો છે.જેમાં તાપી જિલ્લાના દર્શનીય સ્થળો જેવા કે સોનગઢનો કિલ્લો,ડોસવાડા ડેમ,વેડછી આશ્રમ,ગૌમુખ વગેરે સ્થળોનો ઐતિહાસિક કે અર્ધઐતિહાસિક તથા દંતકથા સહિતનો પરિચય આપવામાં આવ્યો છે.આ ઉપરાંત અહીં વસવાટ કરતી ચૌધરી ઉપરાંત ગામીત, વસાવા,ઢોડિયા,ભીલ,કોટવાળિયા અને કાથુડીયા વગેરે આદિજાતિઓની જાતિગત વિશેષતાની સામાન્ય માહિતી આપવામાં આવી છે.

## <u>પ્રકરણ : ૨   ચૌધરી સમાજનો ઐતિહાસિક,સામાજિક અને સાંસ્કૃતિક પરિચય</u>

પ્રસ્તુત પ્રકરણમાં ચૌધરી સમાજનો ઐતિહાસિક,સામાજિક અને સાંસ્કૃતિક પરિચય આપ્યો છે.જેમકે, ચૌધરી જાતિના ઉદ્ભવ અને તેમના મૂળ વતન અંગેની બે જુદી-જુદી માન્યતાઓ :

- ચૌધરીઓના પૂર્વજો પાવાગઢના વતની હતાં તેથી તેમના મૂળ પાવાગઢના રાજપૂતોમાં છે.
- દક્ષિણ ગુજરાતના ચૌધરીઓ મૂળ આ ભૂમીના જ પ્રજાજન છે.

આ બંને મતો અંગે સવિસ્તાર ચર્ચા કરી,તે અંગેના વિદ્વાનોના મંતવ્યો ઉપરાંત અન્ય સંદર્ભોનો આધાર લઈને ચૌધરીઓ મૂળ પાવાગઢના વતની હોવાના તેમજ તેમના મૂળ પાવાગઢના રજપૂતોમાં હોવાના તારણને પ્રસ્થાપિત કરેલ છે.

તદુપરાંત ચૌધરીઓની રહેણીકરણી, તેમનું રહેઠાણ, સ્ત્રી પુરૂષોના પરંપરાગત પહેરવેશ અને આભૂષણો (જેમકે, *પુરૂષો શરીર પર બોડીસ કે બંડી પહેરતા,તેની ઉપર લાંબી બાયનું અંગરખું પહેરતા,અંગરખાં સાથે ધોતીયું કે ટેફાળું પહેરતા,માથા પર લાંબા ફૈંટાની આંટાળી પાઘડી પહેરતા અને ખભા પર ટુવાલ નાખતા હતાં.જો ઘરેણાંઓની વાત કરીએ તો તેઓ કાનની બૂટમાં કરગરા કે લહંગજે પહેરતા,હાથના કાંડામાં દોન્ના અને બાંયમાં બાવિષ્ઠઅ્ અને કેડમાં ચાંદીનો કંદોરો પહેરતા હતા.જ્યારે સ્ત્રીઓ મોટેભાગે રાતું લૂંગડું,રાહયું લૂંગડું કે ચોકડીવાળું ભૂખરા રંગનું લૂંગડું પહેરતી તેમજ શરીરે કાપડું કે દોરીવાળી ડગલી પહેરતી.ઘરેણાંઓની શોખીન એવી આ સ્ત્રીઓ પગમાં આમડા,તેની ઉપર કાંકણા અને તેની ઉપરના ભાગે કન્ને (કલ્લા) અને આંગળીઓમાં વેઢ પહેરતી. હાથમાં તેઓ આંગળીઓમાં વીટી,કાંડામાં ચાંદીની બંગડી,ચૂડી,કાંકણા તથા તેની ઉપર સાદા વાલા અથવા કાંગરીવાળા વાલા અને બાંયનાં ભાગમાં આંબીલ્લ્ય પહેરતી.જ્યારે ગળામાં ચાંદીની હાંસડી,હાડો,ચાંદીનો દોરો,કંઠી તથા કાળા મોતીની છ સાત સેરનું* ***કિયળઅ્*** *(મંગળસૂત્ર) પહેરતી.*) બોલીગત વિશેષતા,જાતિગત રૂઢિચુસ્તતા,વિવિધ માન્યતાઓ,શ્રદ્ધા-અંધશ્રદ્ધા અને સાંસ્કૃતિક પરંપરાની આછી ઝલક આપવામાં આવી છે.

## <u>પ્રકરણ : ૩ લોકગીતનું સ્વરૂપ તેમજ સંપાદિત અને પસંદ કરેલા લોકગીત</u>

પ્રસ્તુત પ્રકરણમાં લોકગીતના સ્વરૂપ વિશે વિગતે સમજૂતી આપી;લોકસાહિત્યવિદોએ વર્ણવેલા લોકગીતના પ્રકારોને આધારે ચૌધરી સમાજમાં ગવાતા લોકગીતોનાં વિવિધ પ્રકારોનું સંપાદન કરેલ છે,સાથે આ ગીતોમાં રહેલું લોકમાનસ,તેમનું ભાવવિશ્વ,તેની અનુષંગે જોડાયેલી ઘટનાઓ કે પ્રસંગો,તેમજ તેનાં સાંસ્કૃતિક અને સામાજિક સંદર્ભ વિશેની માહિતી આપી છે.જે અંતર્ગત [૧] **સગાઈ ગીતો** : (૧) જાન માંડવામાં આવીને બેસે તે વખતે ગવાતા ગીતો (૨) સગાઈનું લખાણ કરતી વખતે ગવાતા ગીતો (૩) લાડા લાડીને પાટલે ચડાવતી વખતે ગવાતા ગીતો (૪) ગોળ વહેંચતી વખતે ગવાતા ગીતો (૫) ગીતાયરીઓની રીતના ગીતો (૬) લાડીના પિતાને દહેજ આપતી વખતે ગવાતા ગીતો (૭) જાનને વળાવતી વખતે ગવાતા ગીતો તેમજ (૮) કાંટો ફાંગવાણી રીતના ગીતો મૂકવામાં આવ્યા છે.[૨] લગ્નગીતો : (૧) માંડવો પાડતી વખતે ગવાતા ગીતો (૨) પીઠી તૈયાર કરતી વખતે ગવાતા ગીતો (૩) હિમાયરા દેવના થાનકે પીઠી ચડાવતી વખતે ગવાતા ગીતો (૪) માંડવામાં પીઠી લગાવતી વખતે ગવાતા ગીતો (૫) માંડવામાં નાચણે તીયા ગાવાતે ગીતે (૬) જાનમાં જવાની પૂર્વ તૈયારી રૂપે ગવાતા ગીતો (૭) જાન પ્રસ્થાન પામે ત્યારે ગવાતા ગીતો (૮) જાન વિસામો લે તે વખતે ગવાતા ગીતો (૯) જાન લાડીના ગામમાં પહોંચે તે વખતે ગવાતા ગીતો (૧૦) જાન લાડીના ઘર નજીક આવી પહોંચે તે વખતે ગવાતા ગીતો (૧૧) ઝાંપાની રીતના ગીત (૧૨) જાન માંડવામાં આવીને બેસે તે વખતે ગવાતા ફટાણા (૧૩) લાડીનું કરૂણાસભર રૂદન અને ગવાતા ગીતો (૧૪) લાડીને શોધી લાવ્યા પછી ગવાતા ગીતો (૧૫) કઇલ્લો ખાવડાવણે તીયા ગાવાતે ગીતે (૧૬) રાસે આપણે તીયા ગાવાતે ગીતે (૧૭) પાટને ચડાવણે તીયા ગાવાતે ગીતે (૧૮) છેડા હંગીરને તીયા ગાવાતે ગીતે (૧૯) લાડા લાડીને નચાડતી વખતે ગવાતા ગીતો (૨૦) ચૂલા ફરતે ફેરા ફરાવતી વખતે ગવાતા ગીતો (૨૧) નાડી ઓલાવણે તીયા ગાવાતે ગીતે (૨૨) જાન લાડીને લઈને પાછી ફરે ત્યારે રસ્તામાં ગવાતા ગીતો (૨૩) લાડીને ઘર સુધી વળાવવા આવે તે સમયે ગવાતા ગીતો (૨૪) ખંધાડને મૂકવા જતી વખતે તેમજ વળાવતી વખતે ગવાતા ગીતો (૨૫) લાડીનું આણું કરવા જાય તે વખતે ગવાતા ગીતો [૩]

હાલરડાં [૪] હરખી ગીતો [૫] હોળીગીતો [૬] પ્રકૃતિ ગીતો [૭] શ્રમ ગીતો [૮] દેવ પૂજન વખતે ગવાતા કીરકીયા મૂકવામાં આવ્યા છે.

## <u>પ્રકરણઃ ૪ સંપાદિત લોકગીતોનું સાહિત્યિક અને સાંસ્કૃતિક મૂલ્યાંકન</u>

પ્રસ્તુત પ્રકરણમાં લોકગીતોનું સાહિત્યિક અને સાંસ્કૃતિક મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.જેમાં,-

(૧) ગીતોમાં પ્રયોજાયેલ લોકભોગ્ય અલંકારોની ચર્ચા કરી છે.

(૨)ગીતોમાં નિરૂપાયેલ હાસ્યરસ,કરૂણરસ તેમજ અદ્દભૂત રસ વગેરેની ગીતોના ઉદાહરણ સહિત ચર્ચા કરી છે.

(૩) ગીતોમાં પ્રયોજિત પ્રતીક અને કલ્પન વગેરેની સદ્રષ્ટાંત તપાસ કરી છે.

(૪) ચૌધરી સમાજના રીતરિવાજો,પરંપરા, વિવિધ પ્રસંગો કે તહેવારોના આધારે તેમાં પ્રગટતા લોકમાનસની ચર્ચા કરવામાં આવી છે.

## <u>પ્રકરણ : ૫ લોકકથાનું સ્વરૂપ અને સંપાદિત લોકકથાઓ</u>

પ્રસ્તુત પ્રકરણમાં લોકકથાના સાહિત્યિક સ્વરૂપ વિશેની વિશદ ચર્ચા કરી તેના વિવિધ સ્વરૂપો અને પ્રકારો વિશેની માહિતી આપી,સંપાદિત કરેલી લોકકથાઓને તેના કથાતત્વના આધારે જે તે કથા સાહિત્યના પ્રકારમાં ગોઠવવામાં આવી છે.જે અંતર્ગત : (૧) ‘પાનારાજ’,‘કેખના ફૂલ’ અને ‘નાગ’,‘હુમડી દેહ’ વરસાદની વાર્તા’ જેવી અલૌકિક કથાઓ મુકવામાં આવી છે.(૨) ‘રાજકુમાર’અને ‘પોહનો ગોવાળ’ જેવી વીરકથાઓ મૂકવામાં આવી છે.(૩) ‘ભગવાનની પરીક્ષા’ તેમજ ‘સાસુ અને વહુ’, ‘નાની વહુ’ અને

‘રાજા’ નામે બોધકથા મૂકી છે.(૪) ‘તેતર અને શિયાળ’ નામે પ્રાણીકથાઓ મૂકી છે (૫) ‘સાત ભાઈ અને એક બહેન’ નામની વ્રત ( માનતા ) કથા મૂકવામાં આવી છે.(૬) ‘બૂચો’ અને ‘ઠગ’ નામની ચતુરાઈ અને હાસ્યની કથાઓ મૂકી છે.(૭) ન્યાતું કરવાની વિધિ વખતે કહેવાતી પૌરાણિક કથા મૂકવામાં આવી છે.

## <u>પ્રકરણ : ૬ સંપાદિત લોકકથાઓનું સાહિત્યિક અને સાંસ્કૃતિક મૂલ્યાંકન</u>

પ્રસ્તુત પ્રકરણની અંદર સંપાદિત લોકકથાઓનું શિષ્ટ ભાષામાં રૂપાંતર કરી તેમાં રહેલા સાહિત્યિક તત્વોની સમજૂતી આપવામાં આવી છે,તેમજ તેની સાથે જોડાયેલા સાંસ્કૃતિક પરંપરાના સંદર્ભને રજૂ કરવામાં આવ્યો છે.

## <u>પ્રકરણ : ૭ ઉપસંહાર</u>

પ્રસ્તુત પ્રકરણમાં લોકકથા અને લોકગીતોનો સાહિત્યિક કથાઓ અને ગીત રચનાઓ વચ્ચેનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે,તેમજ આ સ્વરૂપોમાં ભળેલા સાહિત્યિક તત્વો તેમજ તેના પર શિષ્ટ સાહિત્યની જોવા મળતી અસર અંગે મારા સંશોધનનાં તારણ રજૂ કરવામાં આવ્યા છે.

આમ મારા સંશોધન કાર્યમાં ચૌધરી સમાજના લોકગીતો અને લોકકથાઓનો સાહિત્યિક અને સાંસ્કૃતિક અભ્યાસ કરવાનો ઉપક્રમ હતો.તેનો શક્યતઃ અભ્યાસ કર્યો છે.

રજૂ કરનાર | માર્ગદર્શક
સતીષ વી. ચૌધરી | ડો. પુંડલિક સી. પવાર